જિલ્લામેજિસ્ટ્રેટશ્રીની કચેરી, જિલ્લાસેવાસદન,
પહેલોમાળ, ખસ રોડ, બોટાદ.
ફોન: ૦૨૮૪૯-૨૭૧૩૦૮
ઈમેઈલ:collector-botad@gujarat.gov.in

નં.ડીએમ /વશી/ ૪૧૭૯/૨૦૧૯ તા.૨૧/૦૮/૨૦૧૯

પ્રતિ,
શ્રી વાસણભાઈ જી.આહીર
માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી,
સામાજિક કલ્યાણ અને શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ,ગુજરાત રાજ્ય અને
પ્રમુખશ્રી,
અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સ.એસો.
૭૫,સહજાનંદ શોપીંગ સેન્ટર,શાહીબાગ,અમદાવાદ

વિષય : <u>બોટાદ શહેરમાં ભારે તેમજ મધ્યમ પ્રકારના વાહનોના પ્રવેશબંધીના જાહેરનામાની નકલ મોકલવા બાબત.</u>
સંદર્ભ- આપશ્રીના તા.૨૬/૦૭/૨૦૧૯ના પત્રનં.એજીટીટીએ/૨૦૧૯-૨૦/૨૦

સવિનય ઉક્ત વિષય અન્વયેના સંદર્ભિત પત્રની વિગતે જણાવવાનું કે , અત્રેની કચેરી દ્વારા બોટાદ શહેરમાં ભારે તેમજ મધ્યમ પ્રકારના વાહનોના પ્રવેશબંધી અંગેના જાહેરનામા ક્રમાંક નં.ડીએમ/વશી/૪૧૨૯/૨૦૧૯,તા.૧૯/૦૮/૨૦૧૯ની નકલ આ સાથે સામેલ રાખી મોકલેલ છે જેની જાણ થવા વિનંતી છે.

AGTTA
DT. 26/8/2019
File No. : 20

(બી.બી.લીંબાસીયા)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
બોટાદ

-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩(૧) અન્વયે કાઢેલો હુકમ:-

નં.ડી.એમ/વશી/૪૧૨૯/૨૦૧૯
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,
બોટાદ
તા.૧૯/૦૯/૨૦૧૯

જાહેરનામું:-

બોટાદ શહેરમાં ટ્રાફીક સમસ્યા અને લોકોની અવર જવર માટે ટુ-વ્હીલ તથા ફોર વ્હીલ વાહનોનો ઉત્તરોત્તર વધારો થવાના કારણે બોટાદ શહેરની ભૌગોલિક પરિસ્થિતિ ધ્યાને લેતા સાળંગપુર થી પાંળીયાદ તરફ જવાના માર્ગે કે જે સાળંગપુર ચાર રસ્તાથી ગોંડલ પાન પેલેસથી મસ્તરામ મંદિર - સતવારા બોર્ડીંગ થઇ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલ પંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ. આ રોડ પરથી આવતાં ટ્રાફીકને ફકત સાળંગપુર રોડ પરથી પ્રવેશ માટે જાહેર કરવો તથા તેવી જ રીતે પાળીયાદ તરફથી સાળંગપુર તરફ જતાં વાહનો માટે હવેલી ચોકથી મોબાઇલ બજાર, કરમશી ભવાન કિરાણા સ્ટોર થી ટાવર રોડ થઇ દિનદયાળ ચોક સુધી રૂટ એકમાર્ગીય જાહેર કરવો તથા તાજપર સર્કલથી આવતા વાહનો માટે દિનદયાળ ચોકથી જલ્મીન ટોકિઝ-હવેલી ચોક સુધીનો રૂટ એકમાર્ગીય પ્રવેશ જાહેર કરવો ખૂબ જરૂરી જણાય છે.

ઉપરાંત પીક - અવર્સ દરમ્યાન એટલે કે સવારના ૧૦:૦૦ કલાક થી ૧૪:૦૦ કલાક તથા સાંજે ૧૬:૦૦ કલાક થી ૨૦:૦૦ કલાક સુધી ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ જાહેર કરવો જરૂરી જણાય છે તેમજ હવેલી ચોકથી દિનદયાળ ચોક અને હીરા બજારમા થતી ટ્રાફીક સમસ્યા નિવારવા ફકત એક બાજુ એકી-બેકી તારીખે એટલે કે એકી તારીખે જમણી બાજુ અને બેકી તારીખે ડાબી બાજુ દ્વી ચક્રીય વાહનો પાર્ક કરવા જાહેરનામુ બહાર પાડવાથી ટ્રાફીક વ્યવસ્થા નિવારી શકાય તેમ છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી-બોટાદના તા.૦૮/૦૮/૨૦૧૯ના પત્ર ક્રમાંક-ટ્રાફીક/જાહેરનામુ/૪૮૬/૨૦૧૯ થી દરખાસ્ત થઇ આવેલ છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) નીચે મને મળેલ અધિકારની રૂઇએ હું બી.વી.લીંબાસીયા(G.A.S), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ નીચે મુજબના રસ્તા ઉપર વાહનોને પસાર થવાનું ફરમાવું છું.

(૧) સાળંગપુર રોડથી પાળીયાદ તરફ જતા વાહનોને ફકત સાળંગપુર ચાર રસ્તાથી ગોંડલ પાન પેલેસ થી મસ્તરામ મંદિર - સતવારા બોર્ડીંગ થઇ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલપંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ કરવાનો રહેશે.

(૨) તેવી જ રીતે પાળીયાદ તરફથી સાળંગપુર,ગઢડા તથા ભાવનગર જતાં વાહનોને હવેલી ચોકથી મોબાઇલ બજાર - મહિલા મંડળ રોડ - કરમશી ભવાન કિરાણા સ્ટોરથી ટાવર રોડ થઇ દિનદયાળ ચોકથી પ્રવેશ કરવાનો રહેશે.

(૩) હવેલી ચોકથી દિનદયાળ ચોક અને હિરા બજારમાં ટ્રાફીક સમસ્યા નિવારવા ફકત એકબાજુ દ્વિ-ચક્રી વાહનો પાર્ક કરવા એટલે કે, એકી તારીખે જમણી બાજુ તથા બેકી તારીખે ડાબી બાજુ વાહનો પાર્ક કરવાના રહેશે.

AGTTA
DT. 2681 /2019
File No. : 2

(૪) પીક - અવર્સ દરમ્યાન એટલ કે સવાર ના ૧૦:૦૦ કલાક થી ૧૪:૦૦ કલાક તથા સાજે ૧૬:૦૦ કલાક થી ૨૦:૦૦ ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ રહેશે.

આ જાહેરનામું તા.૧૯/૦૮/૨૦૧૯ થી તા.૧૭/૧૦/૨૦૧૯ સુધી અમલમાં રહેશે.

આ હુકમ / જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઇપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા.૧૯/૦૮/૨૦૧૯ ના મારી સહી તથા કચેરીના સિકકા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

જિલ્લા મેજીસ્ટ્રેટ બોટાદ (ગુજરાત)

(બી.વી.લીંબાસીયા)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
બોટાદ

નકલ સવિનય રવાના:-

નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, બોટાદ ....આપની દરખાસ્ત અન્વયે જાહેરનામાની નકલો આ સાથે મોકલેલ છે. જે આપના કાર્યક્ષેત્ર હેઠળના તમામ પોલીસ સ્ટેશનોના નોટીસ બોર્ડ તેમજ જાહેર સ્થળોએ પ્રસિધ્ધ કરાવી, જરૂરી પગલા લેવા તથા જરૂરી અમલ કરાવવા તેમજ આપના કાર્યક્ષેત્ર હેઠળના તમામ પોલીસ સ્ટેશનો તથા જાહેર સ્થળોએ આ જાહેરનામાની પ્રસિધ્ધી કર્યાનો અહેવાલ તુરત જ અત્રે મોકલી આપવા સારૂ.

(૨) સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, બોટાદ

(૩) વિભાગીય પોલીસ અધિક્ષકશ્રી,બોટાદ

(૪) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, બોટાદ

... આપના કાર્યક્ષેત્ર હેઠળના તમામ તલાટી કમ-મંત્રી મારફતે બહોળી પ્રસિધ્ધી કરાવી, આ જાહેરનામું તમામ ગામોએ પ્રસિધ્ધ કર્યાનો અહેવાલ અત્રે તુરત મોકલી આપવા સારૂં.

(૫) તાલુકા વિકાસ અધિકારીશ્રી, બોટાદ

(૬) ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા, બોટાદ

(૭) પોલીસ ઇન્સ્પેકટરશ્રી/ સબ ઇન્સ્પેકટરશ્રી, પોલીસ સ્ટેશન,બોટાદ ..... પોલીસ અધિક્ષકશ્રી-બોટાદ મારફત

(૮) નાયબ માહિતી નિયામકશ્રી, બોટાદ

... આ સાથે જાહેરનામાની પાંચ નકલો સામેલ રાખી મોકલેલ છે, તો જાહેર સેવાના હિતાર્થે વિના મૂલ્યે સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી કરાવી તેમ કર્યાની અત્રેને જાણ કરવા વિનંતી છે.

(૯) મેનેજરશ્રી, સરકારી પ્રેસ-રાજકોટ

... આ સાથે જાહેરનામાની પાંચ નકલો સામેલ રાખી મોકલેલ છે, જે ગેઝેટ પાર્ટ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૧૦ (દસ) નકલો આ કચેરીના ઉપયોગ સારૂં મોકલી આપવા વિનંતી.